ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના પાદરે સાબરમતીમાં પૂરની સ્થિતિ

## ગાંધીનગરમાં સાબરમતી નદીના પાણીની આવક : બે કાંઠે સાબરમતી : સંત સરોવર ડેમમાંથી હાલ ૩૧ હજાર ક્યુસેક પાણી છોડાઈ રહ્યુ છે : મોડી રાત્રે સંત સરોવરના ૧૦ દરવાજા ખોલવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ સાબરમતી નદીમાં આજે પૂરની સ્થિતિ જોવા મળી હતી આ પૂરને પગલે ગાંધીનગર તાલુકાના ૧૦ ગામોના રહીશોને નદીના તટ વિસ્તારમાં ન જવા માટે ચેતવણી આપવામાં આવી છે.

ઉપરવાસમાં થયેલ ભારે વરસાદ પછી ધરોઈ ડેમમાં પાણીની આવક વધવા પામતાં આજે ડેમના ૮ દરવાજા ખોલવામાં આવ્યા છે. ૬૬ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ધરોઈ ડેમના પહેલા બે દરવાજા અને પછી ૪ દરવાજા ખોલવામાં આવ્યા હતા અને ૫૭ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતુ. આ પછી સાંજે ૮ દરવાજા ખોલવામાં આવ્યા હતા અને ૬૬ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતાં ગાંધીનગરના ગોંદરે બનાવેલ સંત સરોવરમાં પણ પાણીની આવક વધવા પામી છે.

સંત સરોવરમાં આજે સાંજે પાણીની આવક વધતાં ૧૦ દરવાજા ખોલી ૩૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. હજુ પણ આજે રાત્રે પાણીની આવક વધશે અને મોડી રાત્રે વધુ દરવાજા ખોલી પાણી છોડવાની ગતિ ૪૦ હજાર ક્યુસેક સુધી લઈ જવામાં આવશે.





સંત સરોવરમાં સવારથી જ પાણી છોડવામાં આવતાં સાંજે પાંચ વાગે સાબરમતી બે કાંઠે વહેતી જોવા મળી હતી.

મળતી વિગતો પ્રમાણે લાકરોડા ડેમમાંથી હાલ ૭ હજાર ક્યુસેક પાણીની આવક છે પરંતુ જેમ જેમ આવક વધશે તેમ તેમ સંત સરોવરના દરવાજા ખોલી પાણીની જાવક ચાલુ રખાશે.

સાબરમતી નદીમાં પાણી આવતાં નદીના પટ વિસ્તારમાં આવેલા ગામોના ભૂગર્ભ જળ પણ રિચાર્જ થયા છે. સંત સરોવરને કારણે પણ ભૂગર્ભજળ રિચાર્જ થયુ છે.

જિલ્લાતંત્રએ ઈન્દ્રોડા, શાહપુર, ધોળાકુવા, રાંદેસણ, રાયસણ, રતનપુર, વલાદ, જુના કોબા, કરાઈ અને નભોઈના ગ્રામજનોને સાબરમતીના તટમાં ન જવા માટે ચેતવણી આપી છે. આ ઉપરાંત સંત સરોવર સાઈટ પર પણ ન જવા લોકોને ચેતવણી આપવામાં આવી છે. સંત સરોવર સંપૂર્ણ ભરાઈ જવા પામેલ હોવાથી અને પાણી છોડવામાં આવી રહ્યુ હોવાથી તંત્રએ ચેતવણી આપી છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે પાણીનો પ્રવાહ વધશે તો સ્થળાંતર કરવાની જરૂરિયાત ઉભી થશે અને તંત્રએ તે માટે તૈયારીઓ કરી લીધી છે. ઉપરવાસમાં ભારે વરસાદ થઈ રહ્યો હોવાથી તંત્ર અને ધરોઈ

● અનુસંધાન પાન-૭ પર

# સામાન્ય ચૂંટણીની તૈયારીઓ શરૂ : તંત્રએ મતદાન મથકોની ચકાસણીની કામગીરી આરંભી

## રવિવારે મતદાર નોંધણીની ખાસ ઝુંબેશ માટે તંત્ર તૈયાર

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લામાં તંત્રએ પણ હવે ધીમી ગતિએ વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ પોતાનો ગિયર બદલ્યો છે. તંત્ર દ્વારા હાલ નિયત કરવામાં આવેલા બુથોની ચકાસણી હાથ ધરી છે અને જરૂર પડ્યે મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા બાદ બુથની સંખ્યામાં વધારો કરવા માટે દરખાસ્ત ચૂંટણી પંચને કરવામાં આવશે.

જિલ્લામાં હાલ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ ચાલી રહી છે અને આ રવિવારે પ્રથમ સઘન ઝુંબેશ અભિયાન હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં હાલ ૧૩ લાખ ૯ હજાર જેટલા નોંધાયેલા મતદારો છે. આ સંખ્યામાં વધારો થવાની સંભાવના છે. રાજકીય પક્ષોએ આ ઝુંબેશને લઈ તેમની સક્રિયતા અને સતર્કતા વધારી દીધી છે. મતદાર નોંધણીની ઝુંબેશ ઓનલાઈન પણ ચાલી રહી છે.

જિલ્લામાં ૧૩૫૦ જેટલા મતદાન મથકો પાંચ વિધાનસભા મત વિસ્તારમાં આવેલા છે.

મળતા નિર્દેશો મુજબ મતદાર નોંધણી ઝુંબેશ અને મતદાન મથકોની ચકાસણી માટે આગામી સપ્તાહે કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ ગમે ત્યારે આવી શકે એમ છે. આથી તંત્ર દ્વારા મતદાન મથકો જે જાહેરનામાથી પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તેની

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના ૪ કેસ

## ચારેય દર્દી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ : શહેરમાંથી બે અને ગ્રામ્યમાંથી બે કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે એક જ દિવસમાં સ્વાઈન ફલુના ૪ કેસ નોંધાતા તંત્રમાં ચિંતાનો માહોલ છવાઈ જવા પામ્યો છે. શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના કેસો સતત વધી રહ્યા છે. હાલ ૧૦ દર્દીને રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફલુના બે કેસ નોંધાયા છે. સે. ૪ અને સે. ૨૪માં આજે કેસ નોંધાયા છે. બન્ને દર્દી ૬૦થી વધુ વયના નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે આ બન્ને દર્દી ૬૦થી વધુ વયના છે અને બન્ને દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બન્નેની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

સે. ૪માં ૬૬ વર્ષીય પુરૂષ અને સે. ૨૪માં ૬૫ વર્ષીય પુરૂષનો સ્વાઈન ફલુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં આજે નોંધાયેલા આ બે કેસ સાથે સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૬ પર પહોંચી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ સ્વાઈન ફલુના બે કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૧૦ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭ દર્દીને રજા આપવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા બન્ને કેસના દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ શહેરમાં ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ સારવાર માટે ગાંધીનગર સિવિલ હસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ શહેરમાંથી આ બીજો કેસ નોંધાયો છે. સૌથી પહેલા ૭ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. બાળક સાજો થઈ જતાં સોલા સિવિલમાંથી રજા આપવામાં આવી છે.

બીજો કેસ ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે નોંધાયો છે. રૂપાલ ગામેથી ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાંથી સ્વાઈન ફલુના કેસો મળ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

# સરકારી આવાસોમાં નાની મોટી ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી

## વરસાદી દિવસો દરમિયાન દિવાલમાંથી ભેજ ઉતરવા સહીત અનેક નાની મોટી ફરિયાદોને અનુલક્ષી વસાહતીઓ ત્રસ્ત

ગાંધીનગર તા ૧૭

શહેરના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે હાલ જોખમી આવાસો સિવાયના અન્ય આવાસોમાં રીનોવેશનનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરમાં જોખમી આવાસો સિવાયના અન્ય વિવિધ કક્ષાના ૮ હજાર જેટલા સરકારી આવાસોમાં કર્મચારીઓના પરિવારનો વસવાટ છે. હાલ વરસાદી દિવસો દરમિયાન સરકારી આવાસોમાં દિવાલોમાંથી ભેજ ઉતરવા સહીત નાના મોટા ગાબડા પડવાની ફરિયાદોનુ પ્રમાણ વધ્યુ છે. ચોમાસા પુર્વે જ ધાબામાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે તંત્ર દ્વારા ધાબાની તેમજ પાણી નિકાલની લાઇનની સફાઇ કરવામાં આવી હતી. પરંતુ હાલ વરસાદમાં સતત ભીંજારાના માહોલ વચ્ચે સરકારી આવાસની છતમાંથી પણ પાણી ટપકતુ હોવાની સાથે દિવાલોમાંથી ભેજ ઉતરતો હોવાની ફરિયાદો પણ વધી છે. ત્યારે તંત્ર કક્ષાએથી આ ફરિયાદો નિવારવા માટે પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સરકારી આવાસો પૈકી સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના મકાનો જોખમી હાલતમાં છે. શહેરના સરકારી આવાસોમાં વરસાદી દિવસો પુર્વે ધાબાની તેમજ લાઇનની સફાઇ કરવામાં આવી હતી. જો કે વર્ષો જુના ખંડેર અને જોખમી મકાનો તંત્ર દ્વારા તબક્કાવાર નિકાલ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેને અનુલક્ષી આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયારે નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. પરંતુ સેકટરોમાં હાલની સ્થિતિએ અંદાજિત ૮ હજાર જેટલા સરકારી મકાનોમાં રહીશોનો વસવાટ છે. આવા સંજોગોમાં સરકારી આવાસોમાં રહેતા પરિવારોની નાની મોટી ફરિયાદો દુર કરવા માટે કોઇ વ્યવસ્થા ન હોવાનો આક્રોશ પણ દિનપ્રતિદિન પ્રબળ બનતો જાય છે. વરસાદી દિવસો દરમિયાન સરકારી આવાસોના ધાબાની છતમાંથી પાણી ટપકતુ હોવાનો રોષ પણ રહીશો વ્યકત કરી રહ્યા છે. જયારે કેટલાક મકાનોમાં છતમાંથી નાના મોટા પોપડા ખરતા રહીશો માટે જોખમી સ્થિતિ સર્જાઇ છે. ચોમાસાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા ધાબામાં પાણી ન ભરાય રહે તે માટે લાઇનની સફાઇ પણ કરવામાં આવી હતી. જેના લીધે ધાબામાં એકત્રિત થતા વરસાદી પાણીનો સમયસર નિકાલ થઇ શકે જયારે આવાસોની દિવાલમાં પણ ભેજ ઉતરવાની ફરિયાદો ઘટાડી શકાય પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરોમાં ઘણાંખરા સરકારી આવાસોમાં ભેજની ફરિયાદો વિશેષ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જન્માષ્ટમી પર્વને લઈ ઢોર મુક્ત કરવા માંગ કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા માલધારી મહા પંચાયત સમિતિના આગેવાનોએ જિલ્લા કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપી જન્માષ્ટમી પર્વે ઢોર ડબ્બામાં રાખેલા પશુઓને મુક્ત કરવા માંગ કરી છે.

રાજ્યમાં લમ્પી વાઈરસનો કહેર હોઈ જે માલધારીએ પોતાના પશુ આ રોગચાળામાં ગુમાવ્યા છે તેમને રૂ. ૫૦ હજારની સહાય આપવામાં આવે તેવી માંગ પણ આ આવેદનપત્રમાં કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં ઢોર ડબ્બો લમ્પી વાઈરસની સ્થિતિ નિયંત્રણમાં ના આવે ત્યાં સુધી તે બંધ કરવાની માંગ આ આવેદનપત્રમાં કરવામાં આવી છે.

રઘુભાઈ અ. રબારી અને આગેવાનોએ આજે આ આવેદનપત્ર કમિશનરશ્રીને ઉદ્દેશીને લખી અને કલેક્ટર કચેરી ખાતે પણ આપ્યુ છે.

શહેરમાં ઢોરમાં લમ્પીના રોગચાળાનો ભય સામે ચિંતા વ્યક્ત કરતાં કલેક્ટર અને કમિશનરને જન્માષ્ટમી પર્વ નિમિત્તે તમામ ઢોરને મુક્ત કરવા અપીલ કરી છે

# શહેરમાં ભુવારાજ યથાવત : માર્ગ વચાળે વધુ બે ઠેકાણે મોટામસ ગાબડા

## ચ માર્ગ પર સે-૭ ના કોર્નર નજીક ભુવાને પુરવા માટે બુલડોઝર કામે લાગ્યા : છ - ૫ પાસે પણ ભુવો અસ્તિત્વમાં આવતા રસ્તો બ્લોક કરી દેવાયો : વરસાદી દિવસોમાં ગાંધીનગર ભુવાનગર બનતા નાગરિકોની સલામતી જોખમાઇ





ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં વરરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે માટી પોલાણના લીધે ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. જયારે માર્ગ વચાળે પણ મોટા ભુવા પડતા રોજબરોજ જોખમી સ્થિતિ સર્જાય છે. શહેરમાં આજે ચ- માર્ગ પર સે-૭ ના કોર્નર નજીક તેમજ છ - ૫ પાસે પણ મોટો ભુવો અસ્તિત્વમાં આવતા ભયજનક સ્થિતિ સર્જાઇ હતી આખરે ભુવાને પુરવા માટે તંત્રની ટીમ બુલડોઝર સાથે કામે લાગી હતી.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં દુવિધાઓનો ઢગ ખડકાયો છે. ગારા અને ગંદકીથી ખદબદતા સ્માર્ટ સીટીમાં વરસાદી દિવસો દરમિયાન અનેક નાની મોટી સમસ્યાઓ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. જયારે સેકટરોમાં ઠેર ઠેર જોખમી દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે યોગ્ય માટી પુરાણ ન થવાથી વરસાદી દિવસોમાં જોખમી સ્થિતિ સર્જાઇ છે. માટી પોલાણના લીધે મોટા મસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. માર્ગોની સાઇડમાં પણ માટી પોલાણના લીધે મોટા ખાડા જોવા મળે છે. જયારે વરસાદી દિવસોમાં શહેરના માર્ગો પર મોટા ભુવા અસ્તિત્વમાં આવી

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગર ડેપોમાં પાસ ઈસ્યુ કરવા માટે માત્ર એક જ કાઉન્ટર : મુસાફરોમાં આક્રોશ

## પાસ ઇસ્યુ કરવા માટે ત્રણ કાઉન્ટર ઉભા કરાયા છે છતા એક જ કાઉન્ટર કાર્યરત રહેતા મુસાફરોને હાલાકી એમાંય સર્વર બંધ રહેવાથી આક્રોશ ચરમસીમાએ

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે છે. જયારે મુસાફરોની સલામતી જોખમાવાની સાથે ડેપો સંકુલમાં અવરજવર કરતા મુસાફરોને જરૂરી સુવિધાઓ પણ મળતી નથી એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી પાસ ઈસ્યુ કરવા માટે ઉભા કરાયેલા ત્રણ કાઉન્ટર પૈકી એક જ કાઉન્ટર કાર્યરત છે. એમાં પણ સર્વર બંધ હોવાના લીધે કામગીરી ખોટવાય છે. જેના લીધે મુસાફરોએ કલાકો સુધી ડેપોમાં વલખા મારવા પડે છે. પાસ માટે ત્રણેય કાઉન્ટર કાર્યરત કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સુવિધાના નામે મીંડુ છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાવાની સાથે સોનાના દાગીનાની પણ ચોરી થાય છે. વર્ષોના અંતે પણ એસ ટી ડેપોમાં સ્થિત મુસાફરોની સલામતીને અનુલક્ષીને પોલીસ પહેરો પણ ગોઠવવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાના કેસ ઘટ્યા : પેથાપુરના વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત

## ગાંધીનગર શહેરમાં ૧૨ અને ગ્રામ્યમાં ૩ કેસ નોંધાયા : બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા : ગાંધીનગર શહેરમાં સે. ૩, ૩-ન્યુ, સે. ૪ અને કુડાસણમાં ૨-૨ તેમજ કોબા, સે. ૧૯, વાવોલ અને સે. ૨૭માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયું છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાના આજે વધુ ૧૫ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન એક દર્દીનું અવસાન થયુ છે.

ગાંધીનગર શહેરમાં ૧૨ દિવસ બાદ આજે વધુ કોરોનાગ્રસ્ત દર્દીનું મોત થયુ છે. પેથાપુરના ૬૫ વર્ષીય વૃદ્ધનું આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયાના સમાચારને પગલે તંત્રમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીને ડાયાબીટીસ અને હાયપર ટેન્શનની પણ બિમારી હતી. ગાંધીનગર શહેરમાં ચોથી લ્હેર દરમ્યાન આ ત્રીજુ મોત થયુ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૨ કેસ અને ગ્રામ્યમાં વધુ ૩ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં આજે ૬૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ દર્દીઓ અને શહેરમાં ૨૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com